પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩ | ૨૫ માર્ચ, ૨૦૨૨, શુક્રવાર; ફાગણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# લોક પ્રતિનિધિઓની ભૂમિકા મહત્વની છે : રાષ્ટ્રપતિ

## ભારતના રાષ્ટ્રપતિએ ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાના સભ્યોને સંબોધન કર્યું

ગાંધીનગર, તા. ૨૪

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ આજે (૨૪ માર્ચ, ૨૦૨૨) ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભા ખાતે પધાર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના સ્પીકર નીમાબહેન આચાર્ય અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પુષ્પગુચ્છ આપીને તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિશ્રીએ ગુજરાત વિધાનસભાના સભ્યોને સંબોધિત કર્યા હતા. પોતાના સંબોધન દરમિયાન તેમણે કહ્યું કે લોકશાહીમાં જનપ્રતિનિધિઓની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ છે. વિધાનસભાના સભ્યો તેમના મતવિસ્તાર અને રાજ્યના લોકોના પ્રતિનિધિઓ છે. પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે લોકો તેમને પોતાના ભાગ્યનિર્માતા માને છે. તેમની સાથે લોકોની આશાઓ અને આકાંક્ષાઓ જોડાયેલી છે. લોકોની આ આકાંક્ષાઓને પૂર્ણ કરવાના પ્રયાસો તમામ ધારાસભ્યો માટે સર્વોપરી હોવા જોઈએ.

રાષ્ટ્રપતિ એવા સમયે ગુજરાત વિધાનસભાના સભ્યોને સંબોધિત કર્યા જ્યારે ભારત આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે. આ વાતને ટાંકીને રાષ્ટ્રપતિએ કહ્યું કે આઝાદી અને તેના અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે ગુજરાત કરતાં વધુ સારી જગ્યા કોઈ નથી. ગુજરાતના લોકો સ્વતંત્ર ભારતની કલ્પના કરવામાં અગ્રેસર હતા. ૧૯મી સદીના છેલ્લા દાયકાઓમાં દાદાભાઈ નવરોજી અને ફિરોઝ શાહ મહેતા જેવી હસ્તીઓએ ભારતીયોના અધિકારો માટે અવાજ ઉઠાવ્યો હતો. સ્વતંત્રતાના આ સંઘર્ષને ગુજરાતના લોકોનો સતત સહકાર મળ્યો હતો અને આખરે મહાત્મા ગાંધીના માર્ગદર્શન હેઠળ તે ભારતની આઝાદીમાં પરિણમ્યો.

રાષ્ટ્રપતિએ સંબોધન કરતા કહ્યું કે મહાત્મા ગાંધીએ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને માત્ર નેતૃત્વ પૂરું પાડ્યું ન હતું, પરંતુ સમગ્ર વિશ્વને એક નવો રસ્તો, નવી વિચારસરણી અને નવી ફિલસૂફી પણ બતાવી હતી. આજે જ્યારે પણ દુનિયામાં કોઈપણ પ્રકારની હિંસા થાય છે ત્યારે બાપુના સૂત્ર 'અહિંસા'નું મહત્વ આપણને સમજાય છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગુજરાતનો ઈતિહાસ અનોખો છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આ ભૂમિને સત્યાગ્રહની ભૂમિ કહી શકાય. સત્યાગ્રહનો મંત્ર સમગ્ર વિશ્વમાં સંસ્થાનવાદ સામે એક અમોઘ શસ્ત્ર તરીકે સ્થાપિત થયો હતો. બારડોલી સત્યાગ્રહ, મીઠાનો સત્યાગ્રહ અને દાંડી કૂચે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામને ન માત્ર નવો આકાર આપ્યો, પરંતુ વિરોધની અભિવ્યક્તિ અને જન આંદોલનના આચરણને પણ એક નવું પરિમાણ આપ્યું.

રાષ્ટ્રપતિએ કહ્યું કે સરદાર પટેલે સ્વતંત્ર ભારતને તેનું એકીકૃત સ્વરૂપ આપ્યું અને વહીવટનો પાયો મજબૂત કર્યો. નર્મદા કિનારે તેમની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી', જે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે, તે તેમની સ્મૃતિમાં કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી માત્ર એક નાનકડી ભેટ છે. ભારતના લોકોના હૃદયમાં તેમનું કદ તેનાથી પણ વધારે ઊંચું છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ગુજરાતે રાજકારણ ઉપરાંત સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ મહત્વની ભૂમિકા ભજવી છે. નરસિંહ મહેતાની આ ભૂમિ પર આધ્યાત્મિકતાનો ઘણો પ્રભાવ રહ્યો છે. તેમનું ભજન ''વૈષ્ણવ જન તો તને કહીયે, જે પીડ પરાય જાણે રે'' આપણા સ્વાતંત્ર્ય સંગ્રામનું ગીત બની ગયું. તેણે ભારતીય સંસ્કૃતિના માનવતાવાદનો પણ પ્રસાર કર્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગુજરાતની પ્રજાની ઉદારતા એ ભારતીય સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ છે. પ્રાચીનકાળથી આ પ્રદેશમાં તમામ સંપ્રદાયો અને સમુદાયોના લોકો ભાઈચારાથી આગળ વધતા રહ્યા છે.

રાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના વિકાસ મોડલને એક ઉદાહરણ તરીકે જોવામાં આવી રહ્યું છે, જે દેશના કોઈપણ પ્રદેશ અને રાજ્યમાં લાગુ કરી શકાય છે. સાબરમતી રિવરફ્રન્ટ શહેરી પરિવર્તનનું એક મુખ્ય ઉદાહરણ છે. અહીંયા પર્યાવરણને સુરક્ષિત રાખીને સાબરમતી અને તેના રહેવાસીઓ વચ્ચેના સંબંધોને નવો આયામ આપવામાં આવ્યો છે. નદી કિનારે વસેલા દેશના અન્ય તમામ શહેરો માટે આ એક સારું ઉદાહરણ બની શકે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે પગલાં ભરવાની આપણી ફરજ છે, જેથી વર્ષ ૨૦૪૭માં જ્યારે ભારત તેની શતાબ્દીની ઉજવણી કરી રહ્યું હોય, ત્યારે તે સમયની પેઢી તેમના દેશ પર ગર્વ અનુભવશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત સરકાર, રાજ્ય સરકારો અને દેશના નાગરિકો ભારતના શતાબ્દી વર્ષને સુવર્ણયુગ બનાવવાના ઉદ્દેશ્ય સાથે વિકાસના પંથે આગળ વધવાનું ચાલુ રાખશે.

પોતાનું સંબોધન પૂર્ણ કર્યા પછી રાષ્ટ્રપતિ સત્તાપક્ષના તેમજ વિરોધપક્ષના સભ્યોને મળ્યા હતા અને તેમનું અભિવાદન ઝીલ્યું હતું.






**ગુજરાતનો ઇતિહાસ અનોખો છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આ ભૂમિને સત્યાગ્રહની ભૂમિ કહી શકાય : ''વૈષ્ણવ જન તો તને કહીયે, જે પીડ પરાય જાણે રે'' આપણા સ્વાતંત્ર્ય સંગ્રામનું ગીત બની ગયું**

# રશિયાનું યુદ્ધ યુક્રેન સામે નહિ સ્વતંત્રતા વિરુદ્ધ છે : ઝેલેન્સ્કી

**રશિયાના વિરોધમાં વિશ્વને રસ્તા પર ઊતરવા ઝેલેન્સ્કીનો અનુરોધ : ઝેલેન્સ્કીએ અંગ્રેજીમાં સંબોધન કર્યું : રશિયાનું યુદ્ધ માત્ર યુક્રેનની સામે નથી : આ યુદ્ધ સ્વતંત્રતાની વિરૂદ્ધ શરૂ કરાયું છે, માટે હું તમને યુદ્ધ વિરૂદ્ધ ઉભા થવા માટે કહું છું : ઝેલેન્સ્કી**

કીવ, તા.૨૪

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ ગુરૂવારે સમગ્ર વિશ્વના નાગરિકોને યુક્રેન પરના રશિયાના હુમલાના વિરોધમાં રસ્તાઓ પર ઉતરવા માટે અનુરોધ કર્યો હતો.

યુક્રેનના વિદેશ મંત્રાલયે ઝેલેન્સ્કીના વીડિયો મેસેજને ટ્વિટ કર્યો હતો. આ વીડિયો મેસેજમાં ઝેલેન્સ્કી કહે છે કે, રશિયાનું યુદ્ધ માત્ર યુક્રેનની સામે નથી. આ યુદ્ધ સ્વતંત્રતાની વિરૂદ્ધ શરૂ કરવામાં આવ્યું છે. માટે હું તમને યુદ્ધ વિરૂદ્ધ ઉભા થવા માટે કહું છું. ૨૪મી માર્ચથી શરૂ કરો- રશિયાના આક્રમણના એક મહિના બાદ સૌ એકસાથે યુદ્ધ રોકવા ઈચ્છીએ.




યુક્રેન પરના રશિયાના આક્રમણના એક મહિના બાદ ગુરૂવારથી શરૂ થનારા વૈશ્વિક વિરોધનું આહ્વાન કરીને ઝેલેન્સ્કીએ અંગ્રેજીમાં કહ્યું હતુ કે, આ દિવસ બાદથી તમારૂં વલણ શું છે તે બતાવી દો, તમારા કાર્યાલયો, તમારા ઘરો, તમારી શાળાઓ અને વિશ્વવિદ્યાલયોમાંથી આવો. શાંતિના નામ પર આવો. યુક્રેનનું સમર્થન કરવા માટે, સ્વતંત્રતાનું સમર્થન કરવા માટે, જીવનનું સમર્થન કરવા માટે યુક્રેની પ્રતીકો સાથે આગળ આવો.

ઝેલેન્સ્કીએ કહ્યું કે, તમારી શાળાના મેદાનો, તમારા રસ્તાઓ પર ઉતરો. કહો કે લોકોનું જીવન મહત્વ ધરાવે છે અને તેમની સ્વતંત્રતા પણ મહત્વ ધરાવે છે. શાંતિ મહત્વ ધરાવે છે અને યુક્રેન પણ મહત્વ ધરાવે છે.

# યુએનમાં રશિયાના પ્રસ્તાવ પર ભારત વોટિંગથી દૂર રહ્યું

**યુક્રેન સાથેના યુદ્ધ મુદ્દે તટસ્થતા જાળવતું ભારત રશિયા અને ચીને આ પ્રસ્તાવના સમર્થનમાં વોટિંગ કર્યું**

જિનેવા, તા.૨૪

યૂએન સિક્યોરિટી કાઉન્સિલ (યુએનએસસી)માં યુક્રેનમાં માનવતાવાદી સંકટ પર રશિયાના પ્રસ્તાવ પર ભારત વોટિંગથી દૂર રહ્યું હતું. મહત્વની વાત એ છે કે, યુક્રેન અને રશિયા યુદ્ધ મુદ્દે ભારતે પોતાની તટસ્થતા જાળવી રાખી હતી. આ જ કારણ છે કે, આ અગાઉ પણ ભારત યુએનમાં યુક્રેન મુદ્દે રશિયા વિરુદ્ધ પશ્ચિમી દેશોના પ્રસ્તાવ પર દૂર રહ્યું હતું.

ભારત સહિત કુલ ૧૩ દેશોએ રશિયાના પ્રસ્તાવ પર વોટિંગમાં ભાગ નથી લીધો. રશિયાએ આ પ્રસ્તાવને સીરીયા, ઉત્તર કોરિયા અને બેલારુસના સમર્થનથી રજૂ કર્યું હતું. પરંતુ તે પાસ નહીં થઈ શક્યું કારણ કે, તેને પાસ થવા માટે ૯ વોટની જરૂર હતી.

રશિયા અને ચીને આ પ્રસ્તાવના સમર્થનમાં વોટિંગ કર્યું હતું તો બીજી તરફ ભારત અને સિક્યોરિટી કાઉન્સિલના બાકી સદસ્યોએ વોટિંગમાં ભાગ નહોતો લીધો. યુએનના કાયમી સભ્ય રશિયાએ ૧૫ સભ્યોની કાઉન્સિલમાં પ્રસ્તાવ રજૂ કર્યો હતો. પ્રસ્તાવમાં રશિયાએ મહિલાઓ, બાળકો અને માનવીય કર્મચારીઓ સહીત બધા નાગરિકોને સુરક્ષિત કરવા, રશિયા અને યુક્રેન વચ્ચે રાજકીય




સંવાદ, મધ્યસ્થતા અને શાંતિપૂર્ણ માધ્યમોથી સમાધાન કરવાની અપીલ કરી હતી.

બીજી તરફ વોટિંગ બાદ સભ્ય દેશોએ નિવેદન પણ આપ્યા હતા પરંતુ ભારતે કોઈ નિવેદન નહોતું આપ્યું. આ અગાઉ ભારત બે વખત સિક્યોરિટી કાઉન્સિલમાં વોટિંગમાં ભાગ લેવા માટે ઈનકાર કરી ચૂક્યું છે. ભારતે જનરલ એસેમ્બલીમાં રશિયા વિરુદ્ધના પ્રસ્તાવ પર પણ વોટિંગ નહોતું કર્યું.

# યુપી વિધાનસભા પક્ષના નેતા તરીકે યોગી આદિત્યનાથ

**યોગી આદિત્યનાથ શુક્રવારે શપથ લેશે : ધારાસભ્ય દળની બેઠકમાં કેન્દ્રીય પર્યવેક્ષક અમિત શાહ, રઘુબર બાદ અને ભાજપના પ્રભારી ધર્મેન્દ્ર પ્રભારી હાજર**

લખનઉ, તા.૨૪

યોગી આદિત્યનાથને આજે ભારતીય જનતા પાર્ટી ધારાસભ્ય દળના નેતા ચૂંટી લેવામાં



આવ્યા છે. યોગી આદિત્યનાથના નામનો પ્રસ્તાવ વરિષ્ઠ નેતા સુરેશ ખન્નાએ રાખ્યો હતો. લખનઉના લોકભવનમાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં કેન્દ્રીય પર્યવેક્ષક અમિત શાહ, રઘુબર બાદ અને ભાજપના પ્રભારી ધર્મેન્દ્ર પ્રભારી હાજર રહ્યા હતા. હવે યોગી આદિત્યનાથ રાજ્યપાલ આનંદીબેનને મળીને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. યોગી આદિત્યનાથ શુક્રવારે સાંજે ૪.૩૦ કલાકે બીજીવાર ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરશે. તે માટે તમામ તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી છે. આ પહેલાં યોગી આદિત્યનાથ ગુરૂવારે દિલ્હી પહોંચ્યા હતા. ત્યાં તેમણે નેતૃત્વ સાથે સરકાર રચનાને લઈને ચર્ચા કરી હતી. સૂત્રોનું કહેવું છે કે ભાજપ કેશવ પ્રસાદ મૌર્ય અને દિનેશ શર્માને ડેપ્યુટી સીએમ તરીકે યથાવત રાખી શકે છે. સૂત્રોએ જણાવ્યું કે આશરે ૪૬ ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લઈ શકે છે.

પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે ભાજપ શ્રીકાંત શર્માને બીજીવાર મંત્રી બનાવશે. સૂત્રોએ કહ્યુ કે બે પૂર્વ અધિકારી અસીમ અરૂણ અને રાજેશ્વર સિંહને મંત્રી બનાવી શકાય છે.

# પ.બંગાળના નાદિયા જિલ્લામાં ટીએમસી નેતાની હત્યા કરાઈ

કોલકાતા, તા.૨૪

પશ્ચિમ બંગાળમાં એક બાદ એક હિંસાની ઘટનાઓ સામે આવી રહી છે. બીરભૂમમાં ૮ લોકોને જીવતા સળગાવી દેવાનો મામલો હજુ ઠંડો નથી થયો ત્યાં હવે નાદિયા જિલ્લામાં એક ટીએમસીનેતાની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટના બુધવારે મોડી રાત્રે બની હતી. પીડિતનું નામ સહદેવ મંડલ જણાવવામાં આવી રહ્યું છે. તેઓ ટીએમસીના સ્થાનિક કાર્યકર હતા. સહદેવની પત્ની અનિમા મંડળ બગુલા ગ્રામ પંચાયત નંબર-૨ના સભ્ય છે.

બુધવારે રાત્રે સ્થાનિક લોકોએ તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પડેલા મળી આવ્યા હતા. આજુબાજુના લોકો તેમને લઈને બગુલાના સ્વાસ્થ્ય કેન્દ્રમાં પહોંચ્યા હતા. તેમની હાલત વધારે ગંભીર થતા તેમને કૃષ્ણનગર, શક્તિનગરના હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યા હતા પરંતુ ત્યા તેમનું મૃત્યું થઈ ગયું હતું. તમને જણાવી દઈએ કે, પશ્ચિમ બંગાળમાં બીરભૂમમાં ટીએમસીના એક પંચાયત નેતા ભાદૂ શેખની હત્યા કરી દેવામાં આવી હતી. ત્યારબાદ સમગ્ર જિલ્લામાં હિંસા ફાટી નીકળી હતી.

**જોઈએ છે**

**ગાંધીનગર, કુડાસણ ક્લિનીક માટે**

- પબ્લીક રીલેશન ઓફીસર - ૧ (PRO) - MBA
- રજીસ્ટર્ડ અનુભવી નર્સ - ૧ (Nurse) - (GNM/ANM)

સંપર્ક : ૯૪૦૯૫૮૩૫૩૦ - ડો. દેવી ગજ્જર
૮૯૮૦૦૦૯૪૯૯ - ડો. બોની ગજ્જર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.